
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લાગે છે કે આ મચ્છર કરડવા નથી આવતા... ઠંડીમાં રક્ષણ મેળવવા ગોદડામાં આવવા માંગે છે...

# વન વિભાગના તંત્ર દ્વારા સે-૩ ન્યુ ખાતે તાર ફેન્સીંગ કરાશે

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં નીલગાયનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. માર્ગ વચાળે આવી જતા અકસ્માત સર્જાય છે. ત્યારે સેકટર-૩ ન્યું માં નીલગાય ઘરમાં ડોકીયા કરે તેવી સ્થિતિ ઉભી થવા પામી હતી. જેને લઈ વસાહતીઓ દ્વારા શહેરના ધારાસભ્ય ડો. સી.જે.ચાવડાને આ અંગે રજુઆત કરવામાં આવી હતી. જેની ગંભીર નોંધ લઈ ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાએ વનવિભાગને તાત્કાલીક અસરથી આ અંગે યોગ્ય કરવા જણાવ્યું હતું. જેને પગલે વનવિભાગ દ્વારા તાજેતરમાં ચાલુ વર્ષમાં સેકટર-૩ ન્યુ આરટીઓ કચેરી તેમજ જરુરી જગ્યાએ વનવિભાગ દ્વારા તારની વાડ આડશ તરીકે ઉભી કરવામાં આવશે. જેથી વસાહતીઓને નીલગાયના ત્રાસમાંથી મુકિત મળશે જેને લઈ વસાહતીઓમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી નીલગાયનો ત્રાસ નાગરીકોને સતાવી રહ્યો છે. નીલગાય સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં આવી ઘરમાં ડોકીયા કરે છે. જેથી વસાહતીઓમાં ભયની લાગણી વ્યાપી જવા પામી છે તો બીજી તરફ શહેરના માર્ગો પર ફરતી નીલગાયને પગલે અકસ્માત પણ સર્જાય છે. સેકટર-૩ ન્યુ આરટીઓ કચેરી નજીક ઉર્જા રેન્જ ગાંધીનગર દ્વારા વર્ષ ૧૯૯૦-૯૧ના વર્ષમાં ૧૦ હજાર હેકટર વાવેતર તેમજ વર્ષ ૧૯૯૧-૯૨ માં ૭.૫૦ ફેટકર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે. વાવેતરની નજીક સરકારી કર્મચારીઓને પ્લોટ ફાળવવામાં આવતા મકાનો ઉભા થયા છે. જેથી મકાનો અને વનવિભાગના વિસ્તારની વચ્ચે તારની વાડ બનાવવાની માંગ કરી હતી. તેવી સ્થિતિમાં સેકટર-૩ ન્યુ છેવાડાનું સેકટર હોવાથી નીલગાયનો ત્રાસ વધી જતા વસાહતીઓએ ધારાસભ્યને લેખિત જાણ કરી હતી. જેથી વાતની ગંભીરતાને લઈ ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાએ વનવિભાગને લેખિત જાણ કરી આ અંગે યોગ્ય કરવા જણાવ્યું હતું. જેને પગલે આગામી વર્ષ દરમિયાન વનવિભાગ દ્વારા વાવેતરની કામગીરી હાથ ધરવામાં આવશે. ત્યારે તેની સાથે સેકટર-૩ ન્યુ વિસ્તારમાં તાર ફેન્સીંગની કામગીરી કરવામાં આવશે તેમ અગ્ર મુખ્ય વન સંરક્ષક દ્વારા લેખિતમાં ડો. સી.જે.ચાવડાને જાણ કરવામાં આવી છે. જેથી આ તારની વાડ નજીકના સમયમાં સેકટર-૩ ન્યુ ખાતે બનતા વસાહતીઓને નીલગાયના ત્રાસમાંથી મુકિત મળશે.

# સે-૨૧ના જ ટાઈપના મકાનમાં ગટર ઉભરાતા દુષિત પાણી ફરી વળ્યુ

## ઉભરાતી ગટરોને ડામવા કાયમી આયોજન થાય તે અનિવાર્ય ગટર લાઇન અપગ્રેડ કરવાની યોજનાનુ કામ ઝડપથી કરવા માંગ

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનુ કાયમી નિરાકરણ આવતુ નથી. તંત્ર પાસે પણ પુરતો મેન પાવર અને મશીનરી નથી ત્યારે ગટરો ઉભરાવાની સમસ્યાને ડામવાનુ કામ કપરુ બન્યુ હોવાનો રોષ જેથી ગટરોની સમસ્યા દુર કરવાના મામલે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં શહેરમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. તંત્ર પણ ગટરો લાઈનને યોગ્ય કરવા રોજબરોજ દોડે છે. પરંતુ કાયમી નિરાકરણ આવે





પણ પ્રબળ બન્યો છે. સે-૨૧ ના જ ટાઈપ વિસ્તારના એક બ્લોકમાં આજે ગટર ઉભરાતા દુષિત પાણી ફરી વળ્યુ હતુ.

શહેરના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી પરંતુ જે મકાનોમાં રહીશોનો વસવાટ છે ત્યાં પણ આનુસંગિક સુવિધાઓ દિનપ્રદિન ખાડે જતી જાય છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જુની અને સાંકડી ગટર લાઈનના લીધે સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામે છે. વારંવાર ઉભરાતી ગટરો માટે તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર અને મશીનરી પણ નથી તેવા કોઈ પગલા લેવાતા નથી. શહેરના સરકારી આવાસોમાં વસવાટ કરતા કર્મચારીઓ માટે છતમાંથી પાણી ટપકવુ કે પોપડા ખરવાની વાત હવે સામાન્ય થઈ ગઈ છે.

સરકારી વસાહતમાં દુવિધાઓનુ દંગલ સર્જાય છે. બીજીતરફ ઘણીવાર ગટરોનુ દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો માટે રહેવુ મુશ્કેલ બને છે.સે-૨૧ ના જ કક્ષાના આવાસોમાં પણ આવી જ સ્થિતિ થઈ છે. બ્લોક નં - ૭૮ : ૩ માં ગટર ઉભરાત દુષિત પાણીનો ભરાવો થઈ ગયો છે. જયારે રહીશો પણ તોબા પોકારી ગયા છે બ્લોકમાં ત્વરિત આ ફરિયાદનુ નિરાકરણ આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.




**ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાને મળેલા બે એવોર્ડ**

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાને પોતાની બ્લડ બેંક ન હોવા છતાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૧૬ રકતદાન કેમ્પો યોજીને સૌથી વધુ રકત એકત્રિત કરવામાં રાજયકક્ષાનો બીજો તથા થેલેસેમીયા ટેસ્ટ દ્વારા સૌથી વધુ યુવક/યુવતીઓને તપાસવા બદલ તૃતીય એવોર્ડ મળેલ છે. આ એવોર્ડ માનનીય રાજયપાલના હસ્તે ૨૦મી ડિસેમ્બરના રોજ મગનભાઈ પી. કાકડિયા અને જયેન્દ્ર પરીખે સ્વીકાર્યા હતા. આ પ્રસંગે ચેરમેન જીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. ગયા વર્ષે પણ થેલેસેમીયાની કામગીરી માટે એવોર્ડ મળ્યો હતો. ગાંધીનર શાખાની ઉત્તમ કામગીરી અને ટીમ વર્કથી શાખાનું ગૌરવ વધારવા બદલ ચેરમેન જીલુભા ધાધલ અને સેક્રેટરી હિતેશ રાવલે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# કોંગ્રેસના ઈશારે મોદી-શાહને વર્ષો સુધી હેરાન કરાયા હતા

ગાંધીનગર, તા.૨૧

સોહરાબુદ્દીન શેખ અને તુલસીરામ પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં મુંબઈની સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે એ સમયના ગુજરાતના ડીઆઈજી વણઝારા સહિત કથિત ૨૨ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાના આપેલા ચુકાદા બાદ ગુજરાત ભાજપે આજે કોંગ્રેસને આડા હાથે લીધી હતી. ભાજપના નેતાઓએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના ઈશારે એ વખતે કિન્નાખોરી રાખી ગુજરાત પોલીસ અને ખુદ રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ વિરૂધ્ધ ખોટી રીતે કાર્યવાહી થઈ હતી અને તેઓને વર્ષો સુધી ખોટી રીતે હેરાન કરાયા હતા પરંતુ કોર્ટના ચુકાદા પરથી આજે સત્ય લોકોની સામે આવી ગયું છે અને કોંગ્રેસની કિન્નાખોરીનો પર્દાફાશ થઈ ગયો છે. આ પ્રકારે ભાજપના નેતા આઈ.કે જાડેજાએ કહ્યું કે જે-તે સમયની કેન્દ્રની કોંગ્રેસ સરકારે સીબીઆઈનો ખોટો ઉપયોગ કરીને ગુજરાતના અધિકારીઓને ફસાવ્યા હતા. આવી કિન્નાખોરી કોંગ્રેસ સરકારે કરી હતી. અમે તો પહેલેથી જ કહેતા હતા કે અમારા અધિકારીઓને ખોટા ફસાવવામાં આવી રહ્યા છે. આજે સીબીઆઈ કોર્ટનો ફેસલો આવતાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. સોનિયા ગાંધીએ અને રાહુલ ગાંધીએ દેશની જનતાની માફી માંગવી જોઈએ. જે-જે અધિકારીઓને તંગ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમની પણ જાહેરમાં માફી માંગવી જોઈએ. કોર્ટે આ મામલે કોઈ કાવતરું હોવાનો પણ રદિયો આપ્યો છે. તો અમે જ્યારે પહેલી વખત સ્ટેટમેન્ટ આપ્યું હતું કે કોંગ્રેસની જે તે સમયની કેન્દ્ર સરકારની કિન્નાખોરીએ સીબીઆઈનો ખોટો ઉપયોગ કરી હલકી માનસિકતા સાથે અમને પરેશાન કરવામાં આવ્યા છે. કોર્ટના આ ચુકાદા પરથી ગુજરાત પોલીસ અને ભાજપના નેતાઓની સત્યતા ફરી એકવાર પ્રસ્થાપિત થઈ છે.

# મોદી ભાજપ મહિલા મોરચાને આજે જરૂરી માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા. ૨૧

ભાજપ રાષ્ટ્રીય મહિલા મોરચાના અધિવેશનની આવતીકાલે પૂર્ણાહૂતિ થશે. રાષ્ટ્રીય અધિવેશનના સમાપન સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આવતીકાલે પ્રેરક માર્ગદર્શન રહેશે. પ્રદેશ ભાજપ મિડિયાની યાદીમાં આજે જણાવવામાં આવ્યું હતું કે, આવતીકાલે રાષ્ટ્રીય અધિવેશનના સમાપન સમારોહમાં વડાપ્રધાન મોદી પ્રેરક માર્ગદર્શન આપશે. રાષ્ટ્રીય મહિલા અધધિવેશનમાં દેશભરમાંથી પહોંચેલી ૫૦૦૦થી વધુ મહિલા કાર્યકરો અને સમગ્ર રાજયમાંથી પહોંચેલી ૨૦૦૦૦થી વધુ મહિલા કાર્યકરો આ ખુલ્લા અધિવેશનમાં ભાગ લઈ વડાપ્રધાનનું માર્ગદર્શન મેળવશે. આજે ત્રિમંદિર અડાલજ, ગાંધીનગર અટલનગર ખાતે ભાજપના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનનું કેન્દ્રીયમંત્રીના હસ્તે શુભારંભ કરવામાં આવ્યું હતું. આજના વિવિધ કાર્યક્રમો અને સત્રમાં વિવિધ મહાનુભાવો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તમામ કાર્યકરોએ તેને હર્ષભેર વધાવી લીધું હતું. આવતીકાલે સવારથી જ વિવિધ સત્રો યોજાશે જે પૈકી સવારે બેઠકો એક સાથે યોજાશે જેમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સંબોધન કરશે અને માર્ગદર્શન આપશે. ત્યારબાદ રાજકીય ઠરાવ પસાર કરવામાં આવશે. આગામી કાર્યક્રમોની રુપરેખા પણ નક્કી કરવામાં આવશે. બેઠકમાં કેન્દ્રીય સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન ખાસ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપી રહ્યા છે. આજે શરૂ થયેલા મહિલા મોરચાના અધિવેશનમાં ભાજપની મહિલા નેતાઓ, પક્ષની રાષ્ટ્રીય કાર્યકારિણીની સભ્ય બહેનો, મહિલા ધારાસભ્યો, મહિલા સાંસદ, મહિલા મેયર સહિતની હજારો કાર્યકર બહેનો હાજર રહી છે. મહિલાઓના આ રાષ્ટ્રીય અધિવેશનમાં મહિલા કેન્દ્રીય મત્રીઓ પણ હાજરી આપવા પહોંચી છે.

# અમે કરેલા એન્કાઉન્ટર સાચા હતા : વણઝારાએ કરેલો દાવો

ગાંધીનગર,તા.૨૧

સોહરાબુદીન શેખ અને તુલસીરામ પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં મુંબઈની સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે એ સમયના ગુજરાતના ડીઆઈજી વણઝારા સહિત કથિત ૨૨ આરોપીઓને રાહત આપી તેમને નિર્દોષ છોડવામાં આવ્યા હતા. જેને પગલે ગુજરાતના પોલીસ આલમમાં ભારે ખુશી અને હર્ષની લાગણી છવાઈ ગઈ હતી. કારણ કે, એન્કાઉન્ટર કેસમાં ગુજરાત પોલીસના અધિકારીઓ-કર્મચારીઓ જેલમાં ધકેલાતા પોલીસના નૈતિક મનોબળ પર માઠી અસર પડી હતી પરંતુ આજના ચુકાદા બાદ ફરી એકવાર ગુજરાત પોલીસનું નૈતિક મનોબળ નિશંકપણે ઉંચુ આવ્યું હશે તે નક્કી છે. એન્કાઉન્ટર કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ છોડી દેવાતાં પૂર્વ ડીઆઈડી ડી.જી.વણઝારાએ પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અમે એ વખતે કરેલા એન્કાઉન્ટર સાચા જ હતા, હું પહેલેથી જ કહેતો આવ્યો છું. એ વખતે રાજકીય ષડયંત્રના ભાગરૂપે દેશદ્રોહી તત્વો દ્વારા આ સાચા એન્કાઉન્ટરને ખોટા તરીકે ખપાવવાનો હીન પ્રયાસ થયો હતો. એ વખતે જો અમે એન્કાઉન્ટર ના કર્યા હોત તો, આજે ગુજરાત બીજું કાશ્મીર બની ગયુ હોત. વણઝારાએ વધુમાં જણાવ્યું હતું કે, એ વખતે આંતકવાદીઓનો મુખ્ય આશય મોદીની હ્ત્યાનો હતો. ગુજરાતની પોલીસે કાયદાની મર્યાદામાં રહીને એ સમયે એન્કાઉન્ટર કર્યા હતા. જો પોલીસે આ એન્કાઉન્ટર ના કર્યા હોત તો પાકિસ્તાન અને તેની પ્રેરિત આંતકવાદી સંસ્થાઓને મોદીની હત્યા કરવામાં સફળતા પ્રાપ્ત થઈ હોત.

## ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

શિક્ષણ અને સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા ત્રિદલની ડિસેમ્બર માસની બેઠક તા. ૨૩ ડિસેમ્બરને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ પ્લોટ નં.૭૯૦ મહારાષ્ટ્ર ભવન સામે સેકટર-૨૧ ખાતે મળશે. ગાંધી મિત્ર વર્તુળ સંસ્થાની માસિક બેઠક ખાસ સંજોગોમાં તા.૩૦ ડિસેમ્બરને પાંચમા રવિવારના રોજ યોજાશે. જેની સૌ ગાંધીજન મિત્રો ભાવિકોએ નોંધ લેવાની રહેશે.




**દહેગામ તાલુકામાં ગીતા જયંતિએ સેવાકાર્ય**

દહેગામ તાલુકાના દેવકરણ મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ત્રણ શાળા આવરી લીધી હતી. બુધવારે યોજાયેલ કાર્યક્રમમાં બારડોલી (બારિયા), છાગોળી તથા મોચીયાની મુવાડીમાં તમામ બાળકોને તપાસી દવા આપી શાળા આરોગ્ય કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. બારડોલી તથા છાગોળીના શિક્ષકોને ભગવત્ ગીતા અર્પણ કરી હતી. ડૉ. પ્રવિણ બોઘાણી, ડૉ. અતુલ પંડ્યા, મિલિંદ પ્ર. ગુપ્તે, ભરતભાઈ સાથે હતા. છાગોળીમાં બાળકોને પેન્સિલ આપી હતી. આ સેવાકાર્યમાં ગજાનન સેવા મસિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# મગોડી પી. આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે વાલી મિટીંગ યોજાઈ

ચિલોડા, તા. ૨૧

તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે આગામી માર્ચ ૨૦૧૯ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ સાર પરિણામ કેવી રીતે લાવી શકે તેવી ટિપ્સ અંગે



વાલી મિટિંગનું આયોજન સંસ્થાના પ્રમુખ નવનીતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શાળામાં અભ્યાસ કરતા પ્રથમ સત્રના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. તેમજ સુંદર ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના મંત્રી જયંતિભાઈ શાહ તથા શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તથા વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નારણપુરા શ્રીમાળી સોની યુથ સર્કલ પશ્ચિમ અમદાવાદનો ૧૯મો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

નારણપુરા શ્રીમાળી સોની સમાજ દ્વારા ગત તા. ૧૬-૧૨-૨૦૧૮ને રવિવારના રોજ ૧૯મો




સ્નેહમિલન સમારંભ અને અલૌકિક જય નારાયણ ભજન સંધ્યા (સરઢવ)નો પ્રોગ્રામ ઓગણજ, બાબરીક પાર્ટી પ્લોટમાં સુંદર રીતે યોજાયો હતો.

આ ૧૯માં સ્નેહમિલન સમારંભ અને અલૌકિક જય નારાયણ ભજન સંધ્યા (સરઢવ)માં સમારંભના પ્રમુખ ઉદ્દ્ઘાટક પ્રમુખ સ્વાગત પ્રમુખ, ભજનના સહાયક દાતા, ભોજન સહાયક દાતાઓ, વિશેષ ઉપસ્થિતિઓ, સમારંભના મુખ્ય મહેમાનો, નાસ્તાના દાતાઓ, વિડિયોગ્રાફીના દાતાઓ, ઈનામના દાતાઓ, બેનરના દાતા, વર્તમાન હોદ્દેદારો, નારણપુરા યુથ સર્કલના પૂર્વ પ્રમુખો, સલાહકાર બોર્ડ તેમજ નારણપુરા યુથ સર્કલની સમગ્ર કમિટી અને અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગરના તમામ સભ્યો અને આમંત્રિતો અને જય નારાયણ ભજન સંધ્યા (સરઢવ)એ હાજર રહી સ્થાન શોભાવી અને ખુબજ ઉત્સાહપુર્વક તમામ પરિવાર સાથે આપણા ૧૯માં સ્નેહમિલન સમારંભ અને અલૌકિક જય નારાયણ ભજન સંધ્યામાં હાજરી આપી ચાર ચાંદ લગાવ્યા છે.

આ ૧૯માં સ્નેહમિલન સમારંભ અને અલૌકિક જય નારાયણ ભજન સંધ્યા (સરઢવ)માં આપે આપની ખુબજ સારી શુભેચ્છાઓ આપી અમોને પ્રોત્સાહિત કર્યા છે તે બદલ શ્રી નારણપુરા શ્રીમાળી સોની યુથ સર્કલ (પશ્ચિમ) અમદાવાદ આપનો હૃદયપૂર્વક આભાર સંસ્થાના પ્રમુખ વી.ડટી. સોની તેમજ તમામ હોદ્દેદારો અને કમિટી તેમજ સલાહકાર બોર્ડના સભ્યોએ માન્યો હતો.

# મેરીટાઈમ બોર્ડના કર્મચારી કીર્તિકુમાર શાહનો નિવૃત વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ગાંધીનગરમાં નોકરી કરતા તથા ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળમાં મહામંત્રી તરીકે કર્મયોગીઓ માટે કલ્યાણકારીની ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કીર્તીકુમાર વી.શાહ તેમના જન્મદિન ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ માં બોર્ડની સેવામાંથી ફરજો બજાવી નિવૃત થનાર હોવાથી તેમજ મહામંડળ દ્વારા તેમની કર્મચારીઓ માટે અથાગ પ્રયત્નોથી સેવાકીય લાભો મંજુર કરવામાં મહત્વની ભુમિકા ભજવી હતી.

કિર્તીભાઈ શાહનો નિવૃત વિદાય સમારોહ મહામંડળના પ્રમુખ લાલજીભાઈ સોલંકી (પૂર્વ ધારાસભ્ય) ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં દરેક બંદરો ઉપરથી પ્રતિનિધીઓ, કર્મચારીઓ, તથા અધિકારીઓ તથા નિવૃત કર્મચારીઓ દ્વારા તેમને તેમની નોકરીની ઉત્કૃષ્ટ કામગીરીની સાથોસાથ સંગઠનમાં કરેલી કાર્યવાહીને બિરદાવી હતી અને શુભેચ્છા આપી હતી.

## અટક બદલેલ છે

મારું જુનું નામ માકાણી પાર્થકુમાર કાન્તીલાલ હતું જે બદલી નવું નામ પટેલ પાર્થકુમાર કાન્તીભાઈ કરેલ છે.

**મુ. નીચીધનાલકંપા, તા. ખેડબ્રહ્મા**

